ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ:-1911/06/2023 તા:27/06/2023

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે "મેરા બુથ સબસે મજબૂત" કાર્યક્રમ અંતર્ગત મધ્યપ્રદેશના ભોપાલથી સમગ્ર દેશભરના દસ લાખથી વધુ બુથો પર કાર્યકર્તાઓ સાથે વર્ચ્યૂઅલ સંવાદ કરી માર્ગદર્શન આપ્યું.

----

કેન્દ્ર સરકારના 9 વર્ષ પુર્ણ થવા પર દેશભરમાં જે કાર્યક્રમો થઇ રહ્યા છે અને તેમા કાર્યકરો જે રીતે મહેનત કરે છે તેની જાણકારી સતત મારા સુધી પહોંચે છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી

-----

ભાજપની સૌથી મોટી તાકાત કાર્યકરો છે. આજે જે કાર્યક્રમ થઇ રહ્યો છે તે કોઇ પણ રાજકીય પાર્ટીએ નહી કર્યો હોય. – શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

ભાજપના કાર્યકરો  માત્ર પક્ષના નહી દેશના સંકલ્પોની સિદ્ધીના મજબૂત સિપાહી છે. ભાજપના દરેક કાર્યકર માટે દેશહિત સર્વોપરી છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

2047માં ભારત દેશની આઝાદીના 100 વર્ષ થશે ત્યારે દેશને વિકસીત બનાવવાનું છે અને તે ત્યારે જ શક્ય છે કે જ્યારે ગામડાઓ વિકસિત હશે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

ભારતીય જનતા પાર્ટીએ નક્કી કર્યું છે કે આપણે તૃષ્ટીકરણની રાજનીતી નથી કરવાની પરંતુ સંતુષ્ટીકરણનુ કામ કરવાનું છે. - શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

મુસ્લીમ દિકરીઓ પર ત્રીપલ તલાકનો ઉપયોગ કરી કેટલાક મુસ્લીમ ભાઇઓ અત્યાચાર કરી રહ્યા હતા અને આ જ લોકો ત્રીપલ તલાક ને સમર્થન કરે છે. - શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

ગાંધી પરિવારના દિકરા-દિકરીઓનું ભલુ કરવું હોય તો કોંગ્રેસને મત આપો, મુલાયમસિંહના દિકરાનું ભુલ કરવું હોય તો સમાજવાદી પાર્ટીને મત આપો, લાલુના પરિવારનુ ભલુ કરવું હોય તો આરજેડીને મત આપો, શરદ પવારની દિકરીનું ભલુ કરવું હોય તો એનસીપીને મત આપો,

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

કરૂણાનિધીના પરિવારનું ભલુ કરવું હોય તો ડિએમકેને મત આપો, પરંતુ તમારે તમારા પરિવારનું ભલુ કરવું હોય તો ભારતીય જનતા પાર્ટીને મત આપજો. - શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

પાકિસ્તાનમાં મોંઘવારીનો દર 38 ટકા છે. શ્રીલંકામાં 25 ટકાથી વધુ મોંઘવારી દર, બાંગ્લાદેશમાં 10 ટકા જેટલો છે જ્યારે ભારતમાં મોંઘવારી દર 5 ટકાથી પણ ઓછો છે.- શ્રી નરેન્દ્રભાઇ મોદી

----

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કાર્યપદ્ધતિમાં સગંઠનની અદભૂત શકતિ છે. – શ્રી જે.પી.નડ્ડા

----

આજે મોદી સાહેબના નેતૃત્વમાં ભારતની અર્થવ્યવસ્થા બ્રિટનથી આગળ 5માં સ્થાને છે. – શ્રી જે.પી.નડ્ડા

----

આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં લાખો કાર્યકરો પાર્ટીને આગળ લઇ જશે તેવો વિશ્વાસ છે. – શ્રી જે.પી.નડ્ડા

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, વૈશ્વિક નેતા, વિકાસ પુરુષ અને દેશને આત્મનિર્ભરની દિશા આપવનાર એવા લોકપ્રિય યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ "મેરા બુથ સબસે મજબૂત" કાર્યક્રમ અંતર્ગત મધ્યપ્રદેશના ભોપાલથી સમગ્ર દેશભરના દસ લાખથી વધુ બુથો પર કાર્યકર્તાઓ સાથે વર્ચ્યૂઅલ સંવાદ કરી બુથને મજબૂત કેવી રીતે કરી શકે તે અંગે માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમમાં 15 હજાર મંડલો અને દસ લાખ બુથો પરથી ડિજિટલ અને ઇલેકટ્રોનિક માધ્યમથી કાર્યકરો મોટી સંખ્યામાં એક સાથે જોડાયા હતા. આ કાર્યક્રમમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણજીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.

લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લાખો કાર્યકર્તાઓને ઉર્જાવાન માર્ગદર્શન આપતા જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીને દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટી બનાવવામાં મધ્યપ્રદેશની ધરતીની સૌથી મોટી ભૂમિકા છે. કેન્દ્ર સરકારના 9 વર્ષ પુર્ણ થવા પર દેશભરમાં જે કાર્યક્રમો થઇ રહ્યા છે અને તેમા કાર્યકરો જે રીતે મહેનત કરે છે તેની જાણકારી સતત મારા સુધી પહોંચે છે. અમેરિકાના પ્રવાસ દરમિયાન

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આપ સૌના પ્રયાસની મહિતી મળતી રહેતી હતી જેથી વિદેશ પ્રવાસથી આવી સૌથી પહેલા કાર્યકરોને મળવાનું મારા માટે આનંદનો સમય છે. ભાજપની સૌથી મોટી તાકાત કાર્યકરો છે. આજે જે કાર્યક્રમ થઇ રહ્યો છે તે કોઇ પણ રાજકીય પાર્ટીએ નહી કર્યો હોય.મુખ્યમંત્રીઓની મીટીંગ, પાર્ટીના અધ્યક્ષોની મીટીંગ,મહાસચિવોની મીટીંગ, પ્રદેશ કાર્યસમિતિઓની મીટીંગ થવી, જીલ્લા કાર્યસમિતિ,મંડલકાર્ય સમિતિની મીટીંગ તો ઘણા વર્ષોથી થઇ રહી છે પરંતુ માત્ર બુથનું નેતૃત્વ કરતા કાર્યકરોનુ સંમેલન ઇતિહાસમાં પ્રથમ વખત થઇ રહ્યુ છે. ભાજપના કાર્યકરો  માત્ર પક્ષના નહી દેશના સંકલ્પોની સિદ્ધીના મજબૂત સિપાહી છે. ભાજપના દરેક કાર્યકર માટે દેશહિત સર્વોપરી છે. દલથી મોટો દેશ છે,જયા દલથી મોટો દેશ હોય તેવા કર્મઠ કાર્યકરો સાથે સંવાદ કરવો તે મારા માટે ગૌરવની વાત છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, ભાજપની બુથ કમિટિની ઓળખ સેવાથી થવી જોઇએ. બુથ અંદર આંદોલનો સંભવ નથી. બુથની અંદર ભાજપના કાર્યકરોની ઓળખ સેવાભાવી ની હોવી જોઇએ. ગામડામાં પણ લોકોને એ વિશ્વાસ અપાવવો જોઇએ કે જો કોઇ સમસ્યા આવશે તો ભાજપના કાર્યકર ને કહેવાથી દુર થઇ જશે. બુથની અંદર સંઘર્ષ ન થવો જોઇએ. નાના-નાના ગામડામાં અને શહેરોમાં કાર્યકર કેવી રીતે નાગરિકોની સેવા કરી શકે તે અંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે માર્ગદર્શન આપ્યું.કાર્યકર્તાઓના દિલમાં વધુમાં વધુ સેવાકીય કાર્યો કરવાની તત્પરતા મોટી સેવા છે. 2047માં ભારત દેશની આઝાદીના 100 વર્ષ થશે ત્યારે દેશને વિકસીત બનાવવાનું છે અને તે ત્યારે જ શક્ય છે કે જ્યારે ગામડા વિકસિત હશે.ગામડામાં સ્વચ્છતા માટે અલગ-અલગ કાર્યક્રમો કરવા,સોલર એનર્જીની જાગૃતિ લાવવી, સૌર ઉર્જાનો ગામડામાં વધુ ઉપયોગ થાય તે રીતનું અભિયાન બુથના કાર્યકરો કરે. ભાજપનો કાર્યકર એ દિશામાં કામ કરે કે તે જે બુથમાં કામ કરે છે ત્યા શાળામાં કોઇ ડ્રોપ આઉટ ન થાય તે દિકરી હોય કે દિકરો 100 ટકા ભણે તે માટે કામ કરે. ગામડામાં કુપોષણ દુર કરવા અંગે બુથના કાર્યકરો કેવી રીતે કામ કરે તે અંગે માર્ગદર્શન આપ્યું.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, સરકારની યોજનાઓ કરતા સમાજની શક્તિ જોડાઇ જાય તો ચોક્કસ સારુ પરિણામ મળે છે. ભારતને 2047  સુધીમાં વિકસીત ભારત બનાવવા નાનામા નાની વસ્તુઓ પર ભાર મુકવો પડશે. દેશમાં નવી એજ્યુકેશનલ પોલીસ બનાવવામાં આવી છે જેમાં ભણાવવાનું ઓછુ શિખવાનું વધારે છે તેથી બુથનો કાર્યકર કેવી રીતે વિદ્યાર્થીને પ્રેકટીકલ જાણકારી આપી શકે તે અંગે પણ વિસ્તૃત માહિતી આપી. કાર્યકરો નાગરિકોના જનજીવન સાથે જોડાય તેમને આગળ લઇ જવાનો પ્રયાસ કરવામાં આવે. કાર્યકરો સરકારની દરેક યોજનાનો લાભ લાભાર્થીને અપાવવા મહેનત કરે. ગામડામાં અને શહેરોમાં લાભાર્થીઓને લાભ મળે તેમને યોજનાની જાણકારી કેવી રીતે પહોચાડવી તે અંગે જાણકારી આપી. ભારતીય જનતા પાર્ટીએ નક્કી કર્યુ છે કે આપણે તૃષ્ટીકરણની રાજનીતી નથી કરવાની પરંતુ સંતુષ્ટી કરણનુ કામ કરવાનું છે.

શ્રી મોદી સાહેબે ઉત્તર પ્રદેશની મહિલા કાર્યકર્તાના ત્રીપલ તલાક અંગેના સવાલ પર  માર્ગદર્શન આપતા જણાવ્યું કે, ત્રીપલ તલાક કાયદાના વિરોધ કરે છે તે લોકો મુસ્લીમ સમાજની દિકરીઓ સાથે મોટો અન્યાય કરે

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

છે. ત્રીપલ તલાકથી માત્ર દિકરીઓને અન્યાય થાય છે તેટલુ નહી પરંતુ તેમના પરિવારને પણ નુકશાન થાય છે. દુનિયાના અનેક મુસ્લીમ દેશો ત્રીપલ તલાકનો કાયદો ન લાવત પરંતુ ઇસ્લામીક દેશોમાં પણ હવે ત્રીપલ તલાક બંધ કરવામાં આવ્યો છે. ઇજીપ્તમાં પણ 90 ટકાથી વધુ સુનિ મુસ્લીમો છે અને ઇજીપ્તમાં આજથી 80 થી 90 વર્ષ પહેલા ત્રીપલ તલાકની પ્રથા રદ કરી છે. જો ત્રીપલ તલાક ઇસ્લામનો જરૂરી અંગ છે તો પાકિસ્તાનમાં કેમ નથી ઇન્ડોનેશિયા,બાંગ્લાદેશ, સિરિયા જેવા દેશોમાં પણ બંધ કરવામાં આવ્યો છે. મુસ્લીમ દિકરીઓ પર ત્રીપલ તલાકનો ઉપયોગ કરી અત્યાચાર કરી રહ્યા હતા અને આ જ લોકો ત્રીપલ તલાક ને સમર્થન કરે છે. આજે મુસ્લીમ સમાજની દિકરીઓ ભાજપનું સમર્થન કરી રહી છે,મોદી ના સમર્થનમાં છે. મુસ્લીમ સમાજના લોકોએ સમજવું જોઇએ કે કઇ રાજકીય પાર્ટી તેમને ભડકાવી તેમનો ફાયદો લેવા માંગે છે. યુનિફોર્મ સિવિલ કોર્ડ અંગે પણ કેટલાક લોકો વિરોધ કરી રહ્યા છે. ભારતના સંવિધાનમાં નાગરિકોને સમાન અધિકારની વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આજે સુપ્રિમ કોર્ટએ વાંરવાર કોમન સિવલ કોડ લાવવા આદેશ કરી રહ્યુ છે પરંતુ વોટ બેંકની રાજનીતી કરવા વાળા લોકો વિરોધ કરી રહ્યા છે.

ગુજરાતની મહિલા કાર્યકરે ભાજપ સામે કેટલીક રાજકીય પાર્ટી એક થઇ વિરોધ કરી રહી છે તે અંગેના સવાલ પર જવાબ આપતા શ્રી મોદી સાહેબે જણાવ્યું કે, આજે વિપક્ષી પાર્ટીઓના ડરથી તે ચોક્કસ છે કે 2024ની ચૂંટણીમાં જનતાએ ભાજપને સત્તા આપવાનું મન બનાવી દીધુ છે. આજે કેટલાક લોકો ગેરંટી શબ્દ વાપરી જનતાને મુર્ખ બનાવી રહ્યા છે ભાજપના કાર્યકરો જનતાને સમજાવે કે તેઓ શેની ગેરંટી આપે છે. કેટલીક રાજકીય પાર્ટી ભ્રષ્ટાચારની ગેરેંટી આપી રહી છે. ભાજપના કાર્યકરો જનતાને સમજાવે કે તેમના બાળકોના ભવિષ્ય સુધારવા જેને મત આપ્યો તેનું પરિણામ શું આવ્યું છે પરિવારના નામે મત માગનારાઓએ તેમના પરિવારનું ભલુ કર્યુ. ગાંધી પરિવારના દિકરા-દિકરીઓનું ભલુ કરવું હોય તો કોંગ્રેસને મત આપો, મુલાયમસિંહના દિકરાનું ભુલ કરવું હોય તો સમાજવાદી પાર્ટીને મત આપો, લાલુના પરિવારનુ ભલુ કરવું હોય તો આરજેડીને મત આપો, શરદ પવારની દિકરીનું ભલુ કરવું હોય તો એનસીપીને મત આપો, કર્ણાનિધિના પરિવારનું ભલુ કરવું હોય તો ડિમકેને મત આપો, પરંતુ તમારે તમારા પરિવારનું ભલુ કરવું હોય તો ભારતીય જનતા પાર્ટીને મત આપજો.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, આજે ભારત દુનિયાના તે દેશોમાં છે જ્યા વિકાસ ઝડપથી થઇ રહ્યો છે મોંઘવારી નિયંત્રણમાં છે. કોરોના પછી દુનિયાના કેટલાય દેશોમાં મોંઘવારીએ તમામ રેકોર્ડ પાર કર્યા છે. પાકિસ્તાનમાં મોંઘવારીનો દર 38 ટકા છે. શ્રીલંકામાં 25 ટકાથી વધુ મોંઘવારી દર, બાંગ્લાદેશમાં 10 ટકા જેટલો છે જ્યારે ભારતમાં મોંઘવારી દર 5 ટકાથી પણ ઓછો છે.

આ કાર્યક્રમમાં વિશ્વની સૌથી મોટી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે, દેશના વિકાસના કામમો સતત વ્યસ્ત સમયે પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પાર્ટીને જ્યારે જયારે માર્ગદર્શનની જરૂર પડે ત્યારે સમય આપે છે તે અપણા માટે સૌભાગ્યની વાત છે. વડાપ્રધાનશ્રી

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

75 આઝાદી કા અમૃત મહોત્સવ

નરેન્દ્રભાઇ મોદી સાહેબની કાર્યપદ્ધતિમાં સગંઠનની અદભૂત શકતિ છે, બુથ સ્તરથી કામ કરી તેમણે દેશનું નેતૃત્વ કર્યુ અને દેશને વિશ્વના દેશો સમક્ષ મજબૂતાઇ થી ઉભો રહે તે રીતેનું કામ કર્યુ છે. મેરા બુથ સબસે મજબૂતનો વિષય પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંસદી પક્ષની બેઠકમાં સાંસદો સમક્ષ મુકયો હતો કે નબળા બુથોને મજબૂત કરવામાં આવે.પાર્ટીએ નબળા બુથોને મજબૂત કરી સશક્તિકરણ કરવાનો પ્રયાસ કર્યો છે.

શ્રી નડ્ડાજીએ વડાપ્રધાનના વિદેશ પ્રવાસ અંગે જણાવતા કહ્યું કે, હાલમાં આપણા વડારપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અમેરિકાના પ્રવાસે ગયા. અમેરિકામાં જે રીતે વડાપ્રધાનશ્રીએ ભારતનો પક્ષ રાખ્યો , કેટલાક કામો પર કરાર કરવામાં આવ્યે તે ભારત અને અમેરિકાના સંબોધને નવી ઉચ્ચાઇ પર લઇ જશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશના પહેલા વડાપ્રધાન છે કે જેમને અમેરિકામાં કોંગ્રેસના જોઇન્ટ સેશનને બે વાર સંબોધન કર્યુ. ઇજીપ્તમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને 'ઓર્ડર ઓફ ધ નાઇલ' એનાયત કરવામાં આવ્યો જે દર્શાવે છે કે આજે વિશ્વ ફલક પર ભારતને લોકો કેવી રીતે જોવે છે. જાપાનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અમેરિકા આવવાનું આમંત્રણ પાઠવ્યું તે દર્શાવે છે કે તમારા કામને દુનિયા કેવી રીતે જોવે છે. ઓસ્ટ્રલિયાના પ્રધાનમંત્રી આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને બોસ કહી સંબોધે છે તે દર્શાવે છે કે ભારત દેશનું સન્માન કેટલુ વધ્યું છે. દુનિયાના દેશોમાં આર્થિક સંકટ મંડરાયુ છે ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશ માટે લીધેલા સમયસર નિર્ણયના કારણે ભારત આ સંકટમાંથી ઉગરી શક્યુ છે. 9 વર્ષ પહેલા ભારતની અર્થવ્યવસ્થા 10માં સ્થાને હતુ આજે મોદી સાહેબના નેતૃત્વમાં ભારતની અર્થવ્યવસ્થા બ્રિટનથી આગળ 5 માં સ્થાને છે. આજે ઇન્ટરનેશલ મોનેટરિંગ ફંડ કહે છે કે ભારતમાં ગરિબિ રેખા નીચે જીવતા લોકોની સંખ્યા 22 ટકાથી ઘટી 10 ટકાથી પણ ઓછી થઇ છે. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં લાખો કાર્યકરો પાર્ટીને આગળ લઇ જશે તેવો વિશ્વાસ છે.

**ડૉ.યજ્ઞેશ દવે**
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**